| GJPM010015592026 | કેસ રજુ તારીખ: | ૦૫–૦૫–૨૦૨૬ | | |
|---|---|---|---|---|
| | કેસ નોધ્યા તારીખ : | ૦૫–૦૫–૨૦૨૬ | | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ: | ૨૯/૭/૨૦૨૬ | | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | ૨ | ૨૪ |

**Exh.-63**

**પંચમહાલ જિલ્લાનાં મે. સ્પે.કોર્ટ(પોક્સો) અને બીજા એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા,જિ.પંચમહાલ.**

**જજમેન્ટ તારીખ : ૨૯/૭/૨૦૨૬**

**સ્પે. કેસ (પોક્સો) નં. ૧૪/ ૨૦૨૬**

શહેરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૬૧૨૬૦૦૯૮/૨૦૨૬

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ– ૪,૬,૧૨,૧૭ મુજબ.

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | વિપુલકુમાર રતીલાલ પટેલ<br>ઉ.વ.–૧૮,<br>રહે. કુવાઝેર, તા. મોરવા(હડફ), જિ.પંચમહાલ. |
| Represented by | આરોપીના વિ.વકીલ શ્રી જે.એ.પાઠક |

| | |
|---|---|
| Date of Offence | 04-02-2026 |
| Date of FIR | 05-02-2026 |
| Date of Charge sheet | 05-05-2026 |
| Date of Framing of Charges | 09-06-2026 |
| Date of commencement of evidence | 30-06-2026 |
| Date on which Judgment is reserved | 29-07-2026 |
| Date of the Judgment | 29-07-2026 |
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Released on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | વિપુલકુમાર રતીલાલ પટેલ | ૫/૨/૨૬ | યુ.ટી.પી. | બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા પોકસો એકટની કલમ– ૪,૬,૧૨,૧૭ મુજબ | નિર્દોષ | – | – |

## :: ચુકાદો ::

**૧.** ધી પોકસો એકટની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ ' ભોગબનનાર ' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની (જેનો હવે પછી ''પોકસો એકટ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ –૪, ૬,૧૨,૧૭ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૩.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૪/૨/૨૬ ના કલાક ૨૧–૦૦ થી તા. ૫/૨/૨૬ ના કલાક ૫–૦૦ દરમ્યાન કોઈપણ સમયે મોજે નાંદરવા ગામે ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ.–૧૭ વર્ષ, ૧૦ માસનાનીને પટાવી, ફોસલાવી, પ્રેમસંબંધ રાખી લગ્નની લાલચ આપી શારીરીક શોષણ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ ભોગબનનાર સગીર હોવાનુ જાણવા છતાં આરોપીએ

ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ કરી તેમજ કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરે સાહેદની ભોગબનનાર દીકરી ઉ.વ.–૧૬ વર્ષ ૪ માસનાનીને પટાવી, ફોસલાવી લગ્નની લાલચ આપી, સાહેદના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ આરોપી તથા કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરે એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે.

૪. ભોગબનનારના પિતાએ શહેરા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ શહેરા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૬૧૨૬૦૦૯૮/૨૦૨૬ થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ),૫૪ તથા પોકસો એકટની કલમ ૪, ૬,૧૨,૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું.

૫. આરોપી હાજર થતા તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક–૮ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ),૫૪ તથા પોકસો એકટની કલમ ૪, ૬,૧૨ અને ૧૭ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીની પ્લી યાને નિવેદન આંક–૯ થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

૬. ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | ૧૦ | ભોગબનનાર | ભોગબનનાર |
| PW-2 | ૧૨ | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| PW-3 | ૧૪ | ભોગબનનારના માતા | સાહેદ |
| PW-4 | ૬૧ | અંકુર બાબુભાઇ ચૌધરી | ત.ક.અ. |

## LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-11/PW-1 | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |
| 2 | Ex-13/PW-2 | ફરીયાદ |
| 3 | Ex-15 | તપાસ સંભાળવા બાબતનો રીપોર્ટ |
| 4 | Ex-16 | સુચિપત્ર |
| 5 | Ex-17 | ભોગબનનારના સેમ્પલો લઇ એફ.એસ.એલ.મા મોકલવા માટે ડો.શ્રી ની યાદી |
| 6 | Ex- 18 | ભોગબનનારનુ તબીબી પ્રમાણપત્ર |
| 7 | Ex-19 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 8 | Ex-20 | આરોપીનુ એમ.એલ.સી. |
| 9 | Ex-21 | ભોગબનનારનો ગાયનેક રીપોર્ટ |
| 10 | Ex-22 | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| 11 | Ex-23 | ભોગબનનારનો લેબ રીપોર્ટ |
| 12 | Ex-24 | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 13 | Ex- 25 | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 14 | Ex-26 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 15 | Ex-27 | મોટરસાયકલ કબજે કર્યાનું પંચનામું |
| 16 | Ex-28 | ભોગબનનારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| 17 | Ex-29 | ભોગબનનારનો શાળા છોડયાનો દાખલો |
| 18 | Ex-30 | ભોગબનનારના વયપત્રકનો ઉતારો |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 19 | Ex-31 | જનરલ રજીસ્ટરનો ઉતારો |
| 20 | Ex-32 | ભોગબનનારના જન્મનો દાખલો |
| 21 | Ex-33 | ભોગબનનારનો શાળા છોડયાનો દાખલો |
| 22 | Ex-34 | જનરલ રજીસ્ટરનો ઉતારો |
| 23 | Ex-35 | ભોગબનનારનો પ્રવેશ પત્ર |
| 24 | Ex-36 | ભોગબનનારનુ બોનાફાઇડ પ્રમાણપત્ર |
| 25 | Ex-37 | આર.સી.બુકની નકલ |
| 26 | Ex-38 | આર.સી.બુકની નકલ |
| 27 | Ex-39 | રવાનગી નોંધ તથા સત્તા અંગેનુ પ્રમાણપત્ર |
| 28 | Ex-40 | રવાનગી નોંધ તથા સત્તા અંગેનુ પ્રમાણપત્ર |
| 29 | Ex-41 | એફ.એસ.એલ. વડોદરાને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| 30 | Ex-42 | ભોગબનનારની માતાનુ સંમતિપત્ર |
| 31 | Ex-43 | પંચોની ફાળવણી હુકમ |
| 32 | Ex-44 | પંચોની ફાળવણી અંગેની ચાદી |
| 33 | Ex-45 | ભોગબનનારનુ નિવેદન લેવડાવવા અંગેની ચાદી |
| 34 | Ex-46 | ભોગબનનારના નિવેદનની એકપ્રત આપવા લખેલ ચાદી |
| 35 | Ex-47 | ભોગબનનારનાઓનુ નિવેદન સેઇફ કસ્ટડીમાં રાખી લેવા બાબતનો પત્ર |
| 36 | Ex-48 | ભોગબનનારનુ નિવેદન સીલબંધ કવરમાં |
| 37 | Ex-49 | આરોપીના શરીર પર થી લીધેલ સેમ્પલો એફ.એસ.એલ.મા મોકલવા ડો.શ્રીની ચાદી |
| 38 | Ex-50 | ભોગબનનારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| 39 | Ex-51 | આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ |
| 40 | Ex-52 | આરોપીનો કબજો સંભાળી લેવા સબ જેલરશ્રીને લખેલ ચાદી |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 41 | Ex-53 | આરોપીનુ તબીબી પ્રમાણપત્ર આપવા લખેલ યાદી |
| 42 | Ex-54 | આરોપીનુ સીમેન સેમ્પલ લેવડાવવા સર્ટી આપવા ડો.શ્રીને લખેલ યાદી |
| 43 | Ex-55 | ગોધરા સબજેલને લખેલ યાદી |
| 44 | Ex-56 | સબજેલર શ્રી ગોધરાને લખેલ યાદી |
| 45 | Ex- 57 | ભારે ગુન્હાનો રીપોર્ટ |
| 46 | Ex-58 | સત્તા અંગેના પ્રમાણપત્રમા સહી સીકકા કરી આપવા લખેલ યાદી |
| 47 | Ex-59 | એફ.એસ.એલ. વડોદરાની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |

**Material Objects:**

| Sr. No. | Material Obj. No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | એક કાળા કલરનુ શર્ટ |
| 2 | MO-2 | એક આછા વાદળી કલરનુ જીન્સ પેન્ટ |
| 3 | MO-3 | એક સફેદ કલરનુ ફ્રોક |
| 4 | MO-4 | એક જાંબલી કલરની લેગીસ |
| 5 | MO-5 | એક પલ્સર મો.સા.નં. જી.જે.૧૭ સી.એમ.૨૧૫૪ |
| 6 | MO-6 | એક પલ્સર મો.સા.નં. જી.જે.૧૭ સી.એલ.૧૦૬૬ |

૭. ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક–૬૨ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

૮. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૩૫૧ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો

ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

૯. આરોપી પક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઇ વ્યકિતને તપાસેલા નથી.

૧૦. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ તથા બચાવ પક્ષ તરફે વિ.વકીલ શ્રી જે.એ.પાઠકને સાંભળ્યા.

૧૧. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ની રજુઆત છે કે, આ કામના આરોપીએ ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણતા હોવા છતાં ભોગબનનારને શારીરીક શોષણ કરવાના ઈરાદે તેણીની વાલીની સંમતિ વિના લઈ જઈ ગુનો કરેલ હોવાનુ થયેલ ફરીયાદ આધારે હાલનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદ પક્ષે રજુઆત છે કે, ફરીયાદ પક્ષે ભોગબનનાર સગીર વયના હોવાનુ પુરવાર કરવા માટે ભોગબનનારની શાળાના રજુ કરેલ દસ્તાવેજી પુરાવા આધારે બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હોવાનુ સ્પષ્ટપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. ભોગબનનારે બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબના નિવેદનમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતી હકીકત લખાવેલી છે અને આરોપી ભોગબનનારને લઈ ગયેલ હોવાનુ અને ભોગબનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોવાનું લખાવેલ છે. વધુમા ભોગબનનારે ડોકટરશ્રી સમક્ષ આપેલ હીસ્ટ્રીમાં ભોગબનનારે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતી હકીકત લખાવેલ છે અને આરોપીએ તેણીની સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધેલાનુ જણાવેલ છે. જેથી ભોગબનનારના નિવેદન તથા ડોકટરશ્રી રૂબરૂની હીસ્ટ્રીમાં લખાવેલ હકીકત થી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થાય છે. તે સંજોગોમા આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર

કરવામા ફરીયાદ પક્ષ સફળ રહેલ હોય જેથી, આ કામના આરોપીને કાયદામા મુકરર કરેલ મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

**૧૨.** બચાવ પક્ષના વિ.વકીલ શ્રી ની રજુઆત છે કે, આ કામે ફરીયાદ પક્ષે ભોગબનનાર તથા તેણીના માતા પિતા જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. ભોગબનનારે આરોપી તેણીને લઇ ગયેલ હોય કે તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલી નથી. વધુમા તેમની દલીલ છે કે, ભોગબનનારના માતા પિતા બનાવના નજરે જોનાર સાહેદ નથી અને તેથી તેમની જુબાનીના આધારે ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી. તે સંજોગોમાં આ કામના આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષ નિ:શંકપણે કેસ પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૧૩.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ તા. ૪/૨/૨૬ ના રોજ ભોગબનનાર સગીર વયના હતા ?

(૨) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૪/૨/૨૦૨૬ ના કલાક ૨૧-૦૦ થી તા. ૫/૨/૨૦૨૬ ના કલાક ૫-૦૦ દરમ્યાન કોઇપણ સમયે મોજે નાંદરવા ગામે આરોપીએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર, ઉ.વ.-૧૭ વર્ષ, ૧૦ માસનીને પટાવી, ફોસલાવી,પ્રેમસંબંધ રાખી લગ્નની લાલચ આપી શારીરીક શોષણ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ જઇ અને ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં આરોપીએ ભોગબનનાર સાથે અવારનવાર શરીરસંભોગ કરી

ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ),૫૪ તથા પોકસો એકટની કલમ ૪,૬,૧૨, ૧૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૩) શું હુકમ ?

**૧૪.** ઉપરોકત મુદા પરત્વેના નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**<u>-:: કારણો ::-</u>**

**<u>મુદા નં. ૧ ની ચર્ચા :-</u>**

**૧૫.** આરોપી સામે પોકસો એકટની જોગવાઇઓ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હોવાનું પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં આ કામે ફરીયાદ પક્ષે આંક-૨૯ થી ૩૬ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જે ભોગબનનારને જે શાળામાં અભ્યાસ કરેલ તે શાળાના રજીસ્ટરનો ઉતારો, વયપત્રકનો ઉતારો, દાખલો તથા જન્મનુ પ્રમાણપત્ર વિગેરે દસ્તાવેજી પુરાવા છે. ઉપરોકત પુરાવા બચાવ પક્ષે આંકે પાડી વંચાણે લેવા સામે વાંધો ન હોવાનો શેરો કરેલ છે. જો કે, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ આંક-૨૯ થી આંક-૩૧ સુધીના ભોગબનનારની શાળાના દસ્તાવેજો જોતાં તેમા ભોગબનનારની જન્મ તારીખ-૨/૪/૨૦૦૮ દર્શાવેલ છે તેમજ આંક-૩૨ વાળા જન્મના પ્રમાણપત્રમાં પણ જન્મ તા. ૨/૪/૨૦૦૮ દર્શાવેલી છે. જેને બચાવ પક્ષે પડકારેલ નથી અને કબુલ રાખેલ છે. જેથી બનાવ તા. ૪/૨/૨૦૨૬ ના રોજ ભોગબનનાર સગીર વયના હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે. જેથી મુદા નં. ૧ નો જવાબ

હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચા :-</u>**

**૧૬.** આરોપી સામે પોક્સો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં પોક્સો એકટની કલમ -૨૯ અને ૩૦ મુજબનું અનુમાન લાગુ પાડવાનું રહે છે તે સંજોગોમાં કેટલાક ચુકાદા ધ્યાને લેવા ઉચિત જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે **Ajitkumar Kumarsinh Bhagora Vs. State Of Gujarat 2020 (1) GLR 27** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 44. Although a presumption under Section 29 of the POCSO Act arises and it is presumed that the accused has committed the offence for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot be absolute. Therefore, there can be no doubt about the proposition that no presumption is absolute and that every presumption is rebuttable.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ કલમ -૨૯ નું અનુમાન ખંડનાત્મક અનુમાન છે.

**૧૭.૧** નામદાર કર્ણાટક હાઈકોર્ટે તેમના **G. S. Venkatesh S/o Narayanaswamy VS State of Karnataka [2020] 0 Supreme(Kar) 68** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 38. The use of expression “unless the contrary is proved” appearing in section 29 makes it clear that the presumption raised under this section is rebuttable. <u>A rebuttable presumption can be raised only when the foundational facts constituting the offence are established by the prosecution.</u> In a criminal trial, the burden of proving everything essential to the establishment of the charge against the accused always rests on the prosecution, as every man is presumed to be innocent until the contrary is proved. In a case where an offence is committed against a child, having regard to the very nature of the offence where it is difficult for the prosecution to prove the facts and circumstances in which the offence had taken place, the Act has cast the burden on the accused to prove the facts within his knowledge as it is easier for the innocent accused to produce evidence contrary to the case proved by

> the prosecution. This is called reverse burden whereby the burden is shifted to the accused to disprove the facts established by the prosecution. <u>The question of discharging the reverse burden by the accused would arise only when the initial burden cast on the prosecution is discharged to the satisfaction of the court. Therefore it follows that without the proof of basic facts constituting the offence charged against the accused, the accused cannot be called upon to disprove the case of the prosecution.</u>

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે કે, ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરીયાદ પક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરીયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરીયાદ પક્ષની તે હકીકતો નાસાબિત કરવા આરોપીને કહી શકાય નહીં.

**૧૭.૨** આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો, પોકસો એકટની કલમ –૨૯ અને ૩૦ નું અનુમાન લાગુ કરતાં પહેલા ફરીયાદ પક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની પાયાની હકીકતો પુરવાર કરવાની રહે છે.

**૧૮.** આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ કરેલ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧ ભોગબનનારને આંક–૧૦ થી તપાસવામા આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં ભોગબનનારના જણાવ્યા મુજબ બનાવ તા. ૪/૨/૨૬ ના રોજ બનેલો. તે દિવસે તેમને તેમના ઘરના સભ્યો સાથે ઝઘડો થયેલ હોય જેથી કોઇને કહયા વિના રીસાઇને કુવાઝર ગામે તેણીની મિત્રના ઘરે જતી રહેલ અને તેણીને તેના માતા પિતાની યાદ આવતા ઘરે પાછી આવેલી. ઘરે આવી ખબર પડેલી કે તેમના પિતાએ પોલીસમા ફરીયાદ કરેલી હતી જેથી તેણીના માતા પિતા પોલીસ સ્ટેશને લઇ ગયેલા અને પોલીસે માત્ર લખાણ ઉપર તેણીની સહી કરાવેલી અને પોલીસે કોઇ પુછપરછ કરેલી નહી તેણીએ તૈયાર કાગળમા સહી કરેલી. આ સિવાય

બીજુ કંઇ બનેલ નથી. પોલીસ તેણીને ગોધરા દવાખાને લઇ ગયેલ અને ડોકટરે તેણીની સારવાર કરી તપાસ કરેલી અને ડોકટરે તેણીની કોઇ પુછપરછ કરેલી નહી અને માત્ર સહી કરેલાનુ જણાવે છે. વધુમાં ભોગબનનારે જણાવેલ છે કે, પોલીસ તેણીને શહેરા કોર્ટમાં જવાબ આપવા માટે લઇ ગયેલ તયાં મેજીસ્ટ્રેટ રૂબરૂ નિવેદન તેણીએ જાતે લખાવેલુ. ભોગબનનાર મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ અને ૪ બતાવવામા આવતા તે કપડા તેણીના હોવાનુ જણાવેલ છે. વધુમા ભોગબનનારે જણાવેલ છે કે તેણી પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલ નથી કે તેણીએ કોઇ જગ્યા બતાવેલ નથી. આરોપી તેમના ગામના હોય ઓળખતા હોવાનુ જણાવેલ છે. ભોગબનનારની જુબાની જોતા આરોપી તેણીને લઇ ગયેલ હોય કે તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત તે તેમની જુબાનીમાં જણાવતા નથી. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.એ.પી.પી. દ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમની ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી. સદર સાહેદે જુબાની દરમ્યાન આંક–૧૧ થી બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન રજુ કરેલ છે.

બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેણીએ સ્વીકારેલ છે કે, આરોપી તેણીને કયાંય ભગાડી ગયેલ નથી કે તેણીની સાથે દુષ્કર્મ કરેલ નથી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીના પિતા સાથે ઝઘડો થતા તેણી ઘરેથી કોઇને પણ કહ્યા વગર જતી રહેલી. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ શહેરા કોર્ટમાં મેજીસ્ટ્રેટ સાહેબ રૂબરૂ તેણીએ જે નિવેદન આપેલ તે તેણીએ પોલીસના કહેવા મુજબ આપેલ હતુ. તેણીએ સ્વીકારેલ છે કે, તેણીએ જે કપડા આપેલા તે બનાવ સમયે પહેરેલ ન હતા પરંતુ પોલીસે કહેતા તેણીએ ઘરેથી લાવી રજુ કરેલા. આમ, ભોગબનનાર તેમની જુબાનીમાં આરોપી તેણીને લઇ ગયેલ હોય અને તેણીની સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત જણાવતાં નથી.

**૧૯.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૨ ભોગબનનારના પિતાને આંક-૧૨ થી તપાસવામા આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં બનાવ આજથી ચારેક મહીના પહેલા બનેલો. તે દિવસે તેમને અને તેમની ભોગબનનાર દીકરી વચ્ચે ઝધડો થયેલો હતો. ત્યારબાદ તેઓ બધા સુઇ ગયેલા અને સવારે ઉઠીને જોયેલ તો ભોગબનનાર ખાટલામાં જોવા મળેલ નહી. જેથી આજુબાજુ તપાસ કરતા તે મળી આવેલ નહી. જેથી તેઓએ પોલીસમા દીકરી ગુમ થયાની ફરીયાદ આપેલી. ફરીયાદ આપ્યા બાદ બે ચાર દિવસ પછી ભોગબનનાર તેની જાતે ઘરે આવેલી હતી. તેઓએ પોલીસમા ફરીયાદ આપેલી હતી જેથી ભોગબનનારને પોલીસ સ્ટેશને લઇ ગયેલ. પોલીસ ભોગબનનારને દવાખાને તપાસ માટે તથા મેજીસ્ટ્રેટ રૂબરૂ શહેરા કોર્ટમા લઇ ગયેલ. તેઓએ ભોગબનનારની કોઇ પુછપરછ કરેલી નહી. સદર સાહેદે જુબાની દરમ્યાન આંક-૧૩ થી ફરીયાદ રજુ કરેલ છે. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.એ.પી.પી. દ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમની ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી.

બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી ભોગબનનારને કયાંય ભગાડી ગયેલ નથી કે તેણીની સાથે દુષ્કર્મ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓની સાથે ભોગબનનારને ઝધડો થતા કોઇને પણ કહયા વગર જતી રહેલી. તેઓએ સ્વીકારેલ છે કે,તેઓ પોલીસ સ્ટેશને ફરીયાદ આપવા ગયેલ ત્યારે તેમની સાથે તેમના સગાવ્હાલા અને ગામના લોકો આવેલ હતા. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ માત્ર દીકરી ગુમ થયાની હકીકત પોલીસને જણાવેલી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમના સગાવ્હાલાઓએ પોલીસ સાથે વાતચીત કરેલી અને પોલીસે તેમની માત્ર તૈયાર કાગળમાં સહી કરેલી તે સિવાય બીજી કોઇ હકીકત તેઓએ લખાવેલી નહી. તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ ઉપરની હતી. તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસને

તેઓએ કે તેમની ભોગબનનારે કોઇ  જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી.

**૨૦.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ ભોગબનનારના માતાને આંક-૧૪ થી તપાસવામા આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં બનાવ આજથી આશરે ચાર પાંચ મહીના પહેલા બનેલો. તે દિવસે તેમના પતિ અને તેમની ભોગબનનાર દીકરી વચ્ચે ઝઘડો થયેલો હતો. ત્યારબાદ તેઓ બધા સુઇ ગયેલા અને સવારે ઉઠીને જોયેલ તો ભોગબનનાર ખાટલામાં જોવા મળેલ નહી. જેથી આજુબાજુ તપાસ કરતા તે મળી આવેલ નહી. જેથી તેણીના પતિએ પોલીસમા દીકરી ગુમ થયાની ફરીયાદ આપેલી. ફરીયાદ આપ્યા બાદ બે ચાર દિવસ પછી ભોગબનનાર તેની જાતે ઘરે આવેલી હતી. તેઓએ પોલીસમા ફરીયાદ આપેલી હતી જેથી ભોગબનનારને પોલીસ સ્ટેશને લઇ ગયેલ. પોલીસ ભોગબનનારને દવાખાને તપાસ માટે તથા મેજીસ્ટ્રેટ રૂબરૂ શહેરા કોર્ટમા લઇ ગયેલ. તેઓએ ભોગબનનારની કોઇ પુછપરછ કરેલી નહી. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.એ.પી.પી. દ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમની ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી.

બચાવ પક્ષની ઉલટતપાસ જોતાં તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી ભોગબનનારને કયાંય ભગાડી ગયેલ નથી કે તેણીની સાથે દુષ્કર્મ કરેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેઓના પતિ સાથે ભોગબનનારને ઝઘડો થતા કોઇને પણ કહયા વગર જતી રહેલી. તેણીએ સ્વીકારેલ છે કે, પોલીસે માત્ર તેણીનુ નામ સરનામું પુછેલ તે સિવાય બીજી કોઇ હકીકત પુછેલ નહી. તેણીએ સ્વીકારેલ છે કે, બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ ઉપરની હતી.

**૨૧.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ ત.ક.અ. અંકુર બાબુભાઇ ચૌધરીને આંક-૬૧ થી તપાસવામા આવેલ છે. જેઓની જુબાની ધ્યાને લેતાં તેઓ તા. ૫/૨/૨૬ ના રોજ શહેરા પો.સ્ટે.ખાતે પી.આઇ. તરીકે તેમજી ફરજ ઉપર હાજર હતા. તે વખતે ફરીયાદીએ તેમના રુબરુ આવી

ફરીયાદ હકીકત લખાવતા તે મુજબની ફરીયાદ નોંધી લીધેલ અને ફરીયાદ પી.એસ.ઓ.ને ગુનો રજીસ્ટર કર્યા બાદ આગળની તપાસ આંક-૧૫ ના ડેપ્યુટ હુકમ થી સોપતા તેઓએ સંભાળી લીધેલ. તપાસ સંભાળ્યા બાદ ગુનાવાળી જગ્યાનું પંચનામું પી.એસ.આઇ. પારગી મારફતે કરાવેલ હતુ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, અને ભોગબનનાર પોલીસ સ્ટેશનમા હાજર થતા ભોગબનનારના કપડા પંચો રુબરુ કબજે લીધેલ. ભોગબનનારને મેડીકલ તપાસ માટે તજવીજ કરેલી અને ભોગબનનારના નિવેદન લીધા બાદ કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલો અને ભોગબનનારની બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા તજવીજ કરેલી. આરોપીને અટક કરવામા આવેલ અને આરોપીના કપડા પંચો રુબરુ કબજે કરવામા આવેલા. ભોગબનનાર તથા આરોપી જે જગ્યાએ રોકાયેલા તે જગ્યાનું પંચનામું પી.એસ.આઇ. પારગી મારફતે કરાવેલ હતુ. ભોગબનનાર આરોપીને જે જગ્યાએ લઇ ગયેલ તે જગ્યાનું તેમના રૂબરૂનુ પંચનામું કરેલ. આરોપીની મેડીકલ તપાસ માટે તજવીજ કરેલ અને આરોપીની અટક કરી નામદાર કોર્ટમા રજુ કરી, રીમાન્ડની કાર્યવાહી કરેલ. ભોગબનનારે ગુનાવાળી જગ્યા બતાવતા તે જગ્યાનું પી.એસ.આઇ. પારગી મારફતે પંચનામું કરવામા આવેલ. સાહેદે પંચો રુબરુ ગુનામા વપરાયેલ મોટરસાયકલ રજુ કરતા પંચોની હાજરીમા કબજે કરેલ. ભોગબનનારને જે જગ્યાએ થી લઇ ગયેલ તે સ્થળ બતાવતા તે જગ્યાનું પંચનામું કરેલ અને કબજે લીધેલ મુદ્દામાલ રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ.મા મોકલી આપેલ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. વધુમા આંક-૧૫ થી ૫૯ સુધીના દસ્તાવેજો બતાવવામા આવતા ચાર્જશીટ સાથે રજુ કરેલ તે જ હોવાનુ જણાવેલ છે. વધુમાં આ સાહેદે તેમની જુબાનીમાં ભોગબનનારે તેમના રૂબરૂમા લખાવેલ નિવેદનની હકીકતોનો સ્વીકાર કરેલો છે. વધુમાં આ સાહેદે તેમની જુબાનીમાં ભોગબનનારની માતા તથા ફરીયાદીએ તેમના રૂબરૂમા

લખાવેલ નિવેદનની હકીકતોનો ઇન્કાર કરેલો છે.

બચાવ પક્ષે લેવામા આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, ફરીયાદી તરફ થી તેમની સમક્ષ ભોગબનનારની ઉંમર બાબતે જે કોઇ દસ્તાવેજ રજુ થયેલા તે સંબંધે તેઓએ કોઇ જાતે ખરાઇ કરેલ હોય તેવુ બનેલ નથી. અન્ય સુચક સવાલોનો ઇન્કારમા જવાબ આપેલ છે.

**૨૨.** આમ ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના સાહેદ નં. ૧ ભોગબનનારની આંક–૧૦ ની જુબાની જોતાં આરોપી તેણીને લઇ ગયેલ હોય કે આરોપીએ તેણીની સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત તેમની જુબાનીમાં જણાવતા નથી. વધુમાં ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ બી. એન. એસ. એસ.ની કલમ–૧૮૩ અન્વયે લખાવેલ નિવેદન આંક–૧૧ થી રજુ થયેલ છે. પરંતુ બચાવ પક્ષે ભોગબનનારની લેવામા આવેલ ઉલટતપાસમાં ભોગબનનારે સ્વીકારેલ છે કે, તેણીએ શહેરા કોર્ટમાં મેજીસ્ટ્રેટ સાહેબ રૂબરૂ તેણીએ જે નિવેદન આપેલ તે તેણીએ પોલીસના કહેવા મુજબ આપેલ હતુ. કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયે લેવામાં આવેલ નિવેદન તે નિવેદન લખાવનારને કોન્ટ્રાડીકટ કરવા અથવા તેને સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગમાં લઇ શકાય તે સિવાય અન્ય કોઇ ઉપયોગ થઇ શકતો નથી.

વધુમાં સાહેદ નં. ૨ ભોગબનનારના પિતાની આંક–૧૨ ની જુબાની ધ્યાને લેતાં ભોગબનનાર દીકરીને તેઓ સાથે ઝઘડો થતા અને સવારે ઉઠીને જોતા ભોગબનનાર જોવા ન મળતા તેઓએ ફરીયાદ આપેલાનુ  જણાવે છે. આ સાહેદની જુબાની જોતાં આરોપી તેમની ભોગબનનાર દીકરીને લઇ ગયેલ હોય તેવી કોઇ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઇપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતાં નથી.  તેમની જુબાનીથી આંક–૧૩ ની ફરીયાદ હકીકતો

પુરવાર થઇ શકતી નથી.

ફરીયાદ પક્ષે સાહેદ નં. ૩ ભોગબનનારની માતાની આંક–૧૪ ની જુબાની ધ્યાને લેતાં ધ્યાને લેતાં ભોગબનનાર દીકરીને તેમના પતિ સાથે ઝધડો થતા અને સવારે ઉઠીને જોતા ભોગબનનાર જોવા ન મળતા તેમના પતિએ ફરીયાદ આપેલાનુ  જણાવે છે. આ સાહેદની જુબાની જોતાં આરોપી તેમની ભોગબનનાર દીકરીને લઇ ગયેલ હોય તેવી કોઇ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઇપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતાં નથી. આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપી ભોગબનનારને લઇ ગયેલ હોવાનો કે ભોગબનનાર આરોપી પાસેથી મળી આવેલા હોય તેવો કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. વધુમાં આ કામે રજુ મેડીકલ પુરાવો જોતાં ડોકટર શ્રી સમક્ષ ભોગબનનારે તેમના રૂબરૂ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો હીસ્ટ્રીમાં લખાવેલી છે. પરંતું, ભોગબનનાર તેમની જુબાનીમાં આવી કોઇ હકીકત લખાવેલી હોવાની હકીકતને સમર્થન કરતાં નથી. આ પુરાવો સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગમાં લઇ શકાય પરંતું હાલના કેસમાં કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલો ના હોય ડોકટર સમક્ષ લખાવેલ હીસ્ટ્રી ફરીયાદ પક્ષને તેમનો કેસ પુરવાર કરવામાં મદદરૂપ થઇ શકે તેમ નથી.

વધુમાં આંક–૧૯ તથા ૨૬ થી ગુનાવાળી જગ્યાના પંચનામા, આંક– ૨૪ થી રજુ આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામું તથા આંક–૨૫ થી રજુ  ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું તથા આંક–૨૭ થી મોટરસાયકલ કબજે કર્યાનું પંચનામું આરોપી પક્ષે પુરાવામાં ગ્રાહ્ય રાખતા આંક પાડી પુરાવામાં વંચાણે લીધેલા છે. આ પંચનામા વંચાણે લેવામાં આવે તો પણ આરોપીને આ ગુનામાં સીધી રીતે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવતો નથી. વધુમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ મેડીકલ પુરાવો તથા સાયન્ટીફીક પુરાવો જોતાં

આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. વધુમાં સાહેદ નં. ૪ ત.ક.અ.ની જુબાનીમાં ભોગબનનારે તેમના રૂબરૂમાં લખાવેલ નિવેદનની હકીકતો રેકર્ડ ઉપર આવેલી છે. પરંતુ, ભોગબનનાર આ હકીકતોને સમર્થન કરતાં ના હોય તેમજ ફરીયાદ પક્ષના અન્ય પુરાવા જોતાં આરોપી ભોગબનનારને લઇ ગયેલ હોય અને તેની સાથે શરીરસંભોગ કરેલો હોય તેવો કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવતો ના હોય અને આ સાહેદની જુબાનીમાં નીકળી આવતી હકીકતોએ સમર્થનકારક પુરાવો હોય ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કરવામાં તેનો સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય તેમ નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં તેમને આ ગુનાની તપાસ કરેલી છે અને તેમની તપાસમાં આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ સીધો પુરાવો નીકળી આવેલો નથી. આમ, આરોપી સામે ફરમાવેલ તહોમત મુજબ આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ હોવાની પાયાની હકીકતો ફરીયાદ પક્ષ યોગ્ય રીતે પુરવાર કરી શકેલ નથી અને તેથી પોકસો એકટની કલમ –૨૯ અને કલમ – ૩૦ નું અનુમાન અમલમાં આવતું નથી.

આમ ઉપરોકત સમગ્ર પુરાવો જોવામાં આવે તો, આરોપીએ ભોગબનનારને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, તેણીના માતા–પિતાના વાલીપણામાંથી ભગાડી લઇ જઇ આરોપીએ ભોગબનનાર સાથે શરીર સંભોગ કરેલાનું તેમજ આરોપીએ કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરને મદદગારી કરેલ હોવાનુ પુરવાર થઇ શકતું નથી. જેથી આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામું વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે.

વધુમાં ફરીયાદ પક્ષે ભોગબનનારની જુબાનીમાં તેણીની જન્મ તા. ૨/૪/૨૦૦૮ ની હોવાનુ તથા આંક–૨૯ થી રજુ શાળાનો દાખલો, આંક–૩૧ થી રજુ જનરલ રજીસ્ટરનો ઉતારો, આંક–૩૨ થી રજુ ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર, આંક–૩૩ થી રજુ

બોનાફાઇડ સર્ટીફીકેટ, આંક–૩૪ થી રજુ જનરલ રજીસ્ટરનો ઉતારો, આંક–૩૫ થી રજુ પ્રવેશપત્ર, આંક–૩૬ થી રજુ બોનાફાઇડ પ્રમાણપત્રમાં ભોગબનનારની જન્મ તા.૨/૪/૨૦૦૮ ની નોંધવવામાં આવેલી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ, ફરીયાદ પક્ષ આરોપી ભોગબનનારને અપહરણ કરી લઇ ગયેલ હોવાનું તથા તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોવાનું પુરવાર કરી શકતો ના હોય જેથી ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા તથા ઉપરોકત ટાંકેલ નામદાર ઉપલી અદાલતોના ચુકાદા વંચાણે લેતા, ફરીયાદ પક્ષ પોતાનો કેસ સ્પષ્ટ અને નકકર પુરાવાથી વ્યાજબી શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, મુદ્દા **નંબર– ૨** નો ઉત્તર **નકારમાં** આપી **મુદ્દા નંબર–૩** અન્વયે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: આખરી હુ ક મ ::–**

**(૧)** આ કેસના આરોપી વિપુલકુમાર રતીલાલ પટેલ, રહે. કુવાઝેર, તા. મોરવા(હડફ), જિ.પંચમહાલવાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૮(૧) અન્વયે તેમની સામેના ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨,૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુના ના–સાબિત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે હુકમ કરવામાં આવે છે કે, આ ચૂકાદા સામે અપીલ/ રીવીઝનનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે સંબંધે આરોપીની હાજરી ઉપલબ્ધ થાય તે માટે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) પુરાવામાં સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા અને આરોપીએ આપેલ આ જામીનખત તથા જાત મુચરકા આ હુકમથી ૦૬ માસ સુધી અસ્તિત્વમાં રહેશે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી મુદ્દામાલ મોટરસાયકલ નં. જી.જે. ૧૭ સી.એમ.૨૧૫૪ તથા મોટરસાયકલ નં. જી.જે.૧૭ સી.એલ. ૧૦૬૬ અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેવો હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલો ન હોય તો સદર મુદ્દામાલ ગાડીની માલિકી અંગેની ખરાઈ કરી તેના જે તે માલિકને અપીલ સમય વિત્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે, જયારે બિનકિંમતી તમામ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીની અન્ય ગુનાના કામે જરૂર ન હોય તો આ ગુના પુરતો જેલમુકત કરવા સબંધીત જેલરશ્રીને યાદી કરવી.

આ હુકમ આજરોજ **તા:૨૯, માહે:જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૭/૨૦૨૬.
ગોધરા.

( બીપીન કે. બારોટ )
જીજે–૦૦૫૬૬
સ્પેશ્યલ જજ (પોકસો)અને
બીજા એડી.સેશન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.

(આર.એ.શર્મા)